પર્યાવરણનું જતન કરીએ... : આપણા માટે, આપણી આવનારી પેઢી માટે

આજની પ્રાર્થના....
જ્ઞાનહીન અમ આત્મ
સકલમાં, ક્ષમા-ભાવહીન
અંતરતરમાં, ભર સુગંધ અમ
અંગ-અંગમાં, કર પ્રદાન તુજ
જ્યોતિ મંગલા, તવ શિશુઉર
ભર દે... વર દે !

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૮૫ | ૫ જુન, ૨૦૨૧, શનિવાર; વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રેપો રેટ યથાવત, ૯.૫ ટકા જીડીપી ગ્રોથનું અનુમાન

### જીડીપી ગ્રોથનું અનુમાન ઘટાડવામાં આવ્યું : ગવર્નર દાસે કહ્યું કે આર્થિક સુધાર માટે નીતિગત દરોમાં ફેરફાર નથી કરવામાં આવ્યા અને જ્યાં સુધી જરૂરી હોય, ત્યાં સુધી જ રાખવામાં આવશે



નવી દિલ્હી,તા.૪

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીના આઉટકમ આવી ગયા છે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસએ મોનિટરી પોલિસીની જાહેરાત કરી છે. આ વખતે પણ રેપો રેટમાં કોઈ ફેરફાર નથી કરવામાં આવ્યો. રેપો રેટ ૪ ટકા પર અને રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા પર બરકરાર રાખવામાં આવ્યા છે. ગવર્નર દાસે કહ્યું કે આર્થિક સુધાર માટે નીતિગત દરોમાં ફેરફાર નથી કરવામાં આવ્યા અને જ્યાં સુધી જરૂરી હોય, ત્યાં સુધી આ જ રાખવામાં આવશે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે અર્થવ્યવસ્થાને લઈ કેટલાક સેક્ટરોને આશાનું કિરણ ગણાવ્યું. તેઓએ કહ્યું કે, તેમણે જણાવ્યું કે સામાન્ય ચોમાસાનું અનુમાન, કૃષિ ક્ષેત્રની ક્ષમતા અને ગ્લોબલ રિકવરીના કારણે આર્થિક ગતિવિધિઓમાં તેજી આવી શકે છે.

જીડીપી ગ્રોથના અનુમાનને લઈ શક્તિકાંત દાસે કહ્યું કે, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વાસ્તવિક અનુમાન ૯.૫ ટકા રાખવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષમાં આર્થિક વૃદ્ધિના અનુમાનને ૧૦.૫ ટકાથી ઘટાડીને ૯.૫ ટકા કરી દીધું છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે સીપીઈઆઈ ઈન્ફેલશનનું અનુમાન ૫.૧ ટકા કરવામાં આવ્યું છે. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે, કોરોનાની બીજી લહેરને કારણે અનેક પ્રતિબંધ લાગુ છે. પરંતુ પહેલી લહેરની તુલનામાં આ વખતે આર્થિક ગતિવિધિઓ એટલી પ્રભાવિત નથી થઈ. લોકો અને બિઝનેસ મહામારીમાં કામ કરવાની પદ્ધતિઓ અપનાવી રહ્યા છે.

તેમણે કહ્યું કે આવનારા મહિનાઓમાં વેકસીનેશનની પ્રક્રિયા વધુ વેગવંતી બનશે, જેના કારણે આર્થિક ગતિવિધિઓમાં તેજી જોવા મળશે. શક્તિકાંત દાસે વધુમાં કહ્યું કે, રિઝર્વ બેંક ૧૭ જૂને ૪૦ હજાર કરોડ રૂપિયાની સરકારી સિક્યુરિટીઝની ખરીદી કરશે. બીજા ક્વાર્ટરમાં ૧.૨૦ લાખ કરોડ રૂપિયાની સિક્યુરિટીઝ ખરીદવામાં આવશે.

## ડેલ્ટા વેરિયન્ટ બી.૧.૬૧૭ બીજી લહેરનું મોટું કારણ છે

### આ વેરિયન્ટ અને તેના સબ-લીનિએજના કારણે બીજી લહેરમાં રોજ ત્રણ-ત્રણ લાખ કરતા વધારે કેસ નોંધાયા

નવી દિલ્હી, તા. ૪

કોરોના વાયરસની બીજી લહેરે ભારતમાં દર્દીઓને બહુ હંફાવ્યા છે, આ લહેર દરમિયાન ઓક્સિજન, દવા, હોસ્પિટલ વગેરેના કારણે લોકોએ ખુબ પરેશાન થવું પડ્યું હતું. આવામાં બીજી લહેરમાં ઉભી થયેલા આફત અંગે વૈજ્ઞાનિકોએ કેટલાક કારણો રજૂ કર્યા છે. વૈજ્ઞાનિકો મુજબ બીજી લહેર પાછળ સૌથી મોટું કારણ ડેલ્ટા વેરિયન્ટ (બી.૧.૬૧૭) છે. આ વેરિયન્ટ અને તેના સબ-લીનિએજ (બી.૧.૬૧૭.૨)ના કારણે બીજી લહેરમાં રોજ ત્રણ-ત્રણ લાખ કરતા વધારે કેસ નોંધાયા છે. ડેલ્ટા વેરિયન્ટ પહેલા મળેલા આલ્ફા વેરિયન્ટ (બી.૧.૧.૭) કરતા ૫૦%થી વધુ ચેપી છે.

આ રિસર્ચ નેશનલ સેન્ટર ફોર ડિસીસ કંટ્રોલ (એનસીડીસી) અને આઈએનએસીઓજી (ઈન્ડિયન સાર્સ -કોવ-૨ જીનોમિક કોનસોર્ટિયા)ના વૈજ્ઞાનિકોએ કર્યું છે. જેના દ્વારા ખ્યાલ આવે છે કે યુકેમાં મળેલા આલ્ફા વેરિયન્ટ કરતા ડેલ્ટા વેરિયન્ટ ૫૦% વધુ ઝડપથી ફેલાય છે. ટેસ્ટ કરાયેલા સેમ્પલમાં ડેલ્ટા વેરિયન્ટની ટકાવારી જાન્યુઆરી કરતા ફેબ્રુઆરીમાં ૨૦% અને માર્ચમાં ૪૦% વધી ગઈ હતી. ડેલ્ટા વેરિયન્ટ સબ-લીનિએજ (બી.૧.૧૬૧૭.૨)માં ઈ૪૮૪ક્યુ મ્યુટેશન નહોતું પરંતુ ટી૪૭૮કે આવી ગયું. સેમ્પલમાં તેનું પ્રમાણ સૌથી વધારે મળ્યું છે. જેમ-જેમ પોઝિટિવિટી રેટ વધ્યો, તેમ-તેમ તેની ટકાવારી પણ વધતી ગઈ. સ્ટડીમાં કહેવામાં આવ્યું છે કે આલ્ફા વેરિયન્ટનો કેસ ફેટિલિટી રેશિયો (સીએફઆર) ડેલ્ટા કરતા વધુ હતો. જોકે, સ્ટડી કહે છે કે હજુ સીએફઆરમાં બદલાવના બી.૧.૬૧૭.૨ સાથે સીધા કનેક્શનના પૂરાવા મળે છે. ડેલ્ટા વેરિયન્ટ તમામ રાજ્યોમાં મળ્યા છે.

# એનએસીએચ આખું વર્ષ ચાલુ રહેશે : RBI

### હવે બેંકમાં રજા હોવા છતાં સેલેરી મોડી નહીં થાય : હાલ બેંક હોલિડેના દિવસે એનએસીએચની સુવિધા નથી મળતી જેથી લોકોની સેલેરી ક્રેડિટ થવામાં વિલંબ થાય છે

નવી દિલ્હી, તા. ૪

શું તમારા સાથે કદી એવું બન્યું છે કે, સેલેરી ક્રેડિટ થવાની હોય તે જ દિવસે બેંક હોલિડે હોવાથી સેલેરી મોડી આવે, કે પછી એવું બન્યું છે કે તમે લોનના ઈએમઆઈ માટે ઓટોમેટિક પેમેન્ટનું ઓપ્શન અપનાવેલું હોય પરંતુ બેંક હોલિડેના કારણે તેમાં મોડું થાય અને તમારે એકસ્ટ્રા ચાર્જ આપવો પડે. તો ટૂંક સમયમાં જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તમારી આ સમસ્યાનો ઉકેલ લાવી દેશે.

ભારતીય રિઝર્વ બેંકે શુક્રવારે નેશનલ ઓટોમેટેડ કલીયરિંગ હાઉસ (એનએસીએચ)ની સુવિધામાં મહત્વનો ફેરફાર કર્યો છે. તેનો ફાયદો ઓગષ્ટ મહિનાથી મળવાનો શરૂ થઈ જશે. એનએસીએચ એક બલ્ક પેમેન્ટ સિસ્ટમ છે જેનું ઓપરેશન નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) સંભાળે છે. સરકારી વિભાગો અને કંપનીઓ લોકોના ખાતામાં સેલેરી, પેન્શન, લાભાંશ કે સબસિડી વગેરેની ચુકવણી કરવા તેનો ઉપયોગ કરે છે. જ્યારે બીજી બાજુ લોકોના ખાતામાંથી લોનના ઈએમઆઈ, ઈન્સ્યોરન્સ પ્રીમિયમ, મ્યુચ્યુઅલ ફંડના હપ્તા, વીજળી, પાણી, ફોન અને ગેસના બિલ ઓટોમેટિક રીતે ડિડક્ટ પણ આ સુવિધા દ્વારા જ થાય છે. હાલ બેંક હોલિડેના દિવસે એનએસીએચની સુવિધા નથી મળતી.

## એન્ટીબોડી-કોકટેલના ટ્રાયલની મંજૂરી: ઝાયડસ કેડિલા ભારતની પહેલી કંપની

ન્યુ દિલ્હી,તા.૪

ભારતવાસીઓને ટૂંક સમયમાં જ એક વધુ કોરોના-પ્રતિરોધક દવા/રસી મળી શકે છે. ભારત સરકાર રચિત સબ્જેક્ટ એકસપર્ટ કમિટીએ અમદાવાદ સ્થિત કેડિલા હેલ્થકેર લિમિટેડ (અથવા ઝાયડસ કેડિલા)ને એન્ટીબોડી કોકટેલની ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરવાની પરવાનગી આપી છે. આ સમિતિએ આ માટે કેન્દ્ર સરકારને પોતાની ભલામણ કરી દીધી છે. ઝાયડસ ભારતની એકમાત્ર કંપની છે જેણે કોવિડ-૧૯ દર્દીઓની સારવાર માટે મોનોક્લોનલ એન્ડીબોડી આધારિત કોકટેલ વિકસિત કર્યું છે. આ કોકટેલ કોરોનાવાઈરસ બીમારીના હળવા લક્ષણ ધરાવતા દર્દીઓની સારવાર કરવા માટે છે. એન્ટીબોડી કોકટેલની તબીબી અજમાયશ કરવા દેવા માટે ઝાયડસ કેડિલાએ હાલમાં જ દેશની ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) પાસે પરવાનગી માગી હતી.

ઝાયડસ કેડિલાના જણાવ્યા મુજબ, આ બે મોનોક્લોનલ એન્ટીબોડીનું એક એવું કોકટેલ છે જે શરીરમાંના કુદરતી એન્ટીબોડીની નકલ કરે છે અને શરીરમાં રોગના ચેપ સામે લડવામાં મદદરૂપ થાય છે. ઝાયડસ હેલ્થકેર લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર ડો. શરવિલ પટેલનું કહેવું છે કે હાલના સમયમાં આપણે કોરોનાનો સામનો કરવા માટે સુરક્ષિત અને વધારે અસરકારક સારવાર શોધવાની ખાસ જરૂર છે.

## 5G નેટવર્ક સામેની અરજી પર જુહીને ૨૦ લાખનો દંડ

### ૫૨ નેટવર્કથી રેડિયેશનથી નુકસાનને લઈ જૂહીની અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટે અભિનેત્રીનો ઊધડો લીધો

નવી દિલ્હી, તા. ૪

બોલીવુડ અભિનેત્રી જૂહી ચાવલાને મોટો ફટકો પડ્યો છે. જૂહી ચાવલાએ ૫૨ મામલે દિલ્હી



હાઈકોર્ટેમાં અરજી કરી હતી. ૫૨ નેટવર્કથી રેડિયેશનથી થનારા નુકસાનને લઈને જૂહી ચાવલાની આ અરજી પર સુનાવણી પણ થઈ હતી.

જોકે, હવે કોર્ટે આ મામલે અભિનેત્રીનો જ ઉધડો લીધો છે. એટલું જ નહીં કોર્ટે તેના પર ૨૦ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

શુક્રવારે કોર્ટે કહ્યું હતું કે અભિનેત્રીએ કોર્ટની કાર્યવાહીનો દુરઉપયોગ કર્યો છે તેથી તેના પર દંડ ફટકારવામાં આવ્યો છે. કોર્ટે જૂહી ચાવલાનો ઉધડો લેતા કહ્યું હતું કે, એવું લાગી રહ્યું છે કે આ પબ્લિસિટી મેળવવા માટે કરવામાં આવ્યું છે કેમ અરજીકર્તાને પોતાને જ ખબર નથી કે તેમની અરજી તથ્યો પર આધારીત નથી પરંતુ સંપૂર્ણ રીતે કાયદાકિય સલાહ પર આધારીત હતી. આ દંડ તેના પર પબ્લિસિટી માટે કોર્ટના સમયનો દુરઉપયોગ માટે લગાવવામાં આવ્યો છે.

જૂહી ચાવલાની અરજી ફગાવી દેતા દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે, પબ્લિસિટી માટે અરજી કરવામાં આવી છે અને કોર્ટની વિડીયો લિંક શેર કરી છે. આ સાથે જ કોર્ટે તે પણ કહ્યું છે કે અરજીકર્તાએ કોર્ટની સમગ્ર ફી પણ જમા નથી કરાવી જે દોઢ લાખથી ઉપર છે. જૂહી ચાવલાને એક સપ્તાહની અંદર આ રકમ આપવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## ભારત દરેક ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની ઈચ્છા રાખે છે : મોદી

### વડાપ્રધાનનું સીએસઆઈઆરની બેઠકને સંબોધન : પીએમ મોદીએ મેડ-ઈન-ઈન્ડિયા વેક્સિન વિકસાવવા બદલ દેશના વિજ્ઞાનીઓની કામગીરીને બિરદાવી



નવી દિલ્હી, તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કાઉન્સિલ ઓફ સાયન્ટીફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (સીએસઆઈઆર) સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા એક બેઠક સંબોધી હતી. આ બેઠકમાં પીએમ મોદીએ મેડ-ઈન-ઈન્ડિયા વેક્સિન વિકસાવવા બદલ દેશના વિજ્ઞાનીઓની કામગીરીને બિરદાવી હતી. કોરોના મહામારીના સમયમાં કરાયેલી કામગીરી તેમજ એક જ વર્ષમાં રસી તૈયાર કરવા બદલ પીએમએ દેશના સાયન્ટિસ્ટ્સની પ્રશંસા કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે ભારત હાલમાં દરેક ક્ષેત્રે આત્મનિર્ભર અને સશક્ત બનવાની ઈચ્છા રાખે છે. અગાઉ વિદેશમાં કોઈ નવી શોધ થતી તો ભારતમાં તેના અમલ માટે વર્ષો વિતી જતા હતા. પરંતુ હવે આ સંસ્થાના વિજ્ઞાનીઓ વિદેશના તજજ્ઞો સાથે ખભેથી ખભો મિલાવીને ચાલી રહ્યા છે. દેશમાં પણ એજ ગતિથી કામગીરી થઈ રહી છે. વિશ્વ હાલમાં સૌથી મોટા પડકારનો સામનો કરી રહ્યું છે ત્યારે આજે દેશના વિજ્ઞાનીઓએ એક વર્ષમાં રસી શોધીને સાબિત કરી દીધું છે કે જ્યારે પણ કોઈ સંકટ આવે છે ત્યારે વિજ્ઞાનની મદદથી વધુ ઉત્કૃષ્ટ ભવિષ્યનો રસ્તો મળે છે.

## મધ્ય પ્રદેશમાં ૩,૦૦૦ જુનિયર ડૉક્ટર્સના સામૂહિક રાજીનામા

ભોપાલ,તા.૪

મધ્ય પ્રદેશ હાઈકોર્ટે પોતાની વિવિધ માંગણીઓને લઈ ૩ દિવસ પહેલા હડતાળ પર ઉતરેલા ૬ સરકારી મેડિકલ કોલેજના જુનિયર ડૉક્ટર્સને ગુરૂવારે ૨૪ કલાકમાં કામ પર પાછા ફરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટના આદેશના ગણતરીના કલાકોમાં જ આશરે ૩,૦૦૦ જુનિયર ડૉક્ટર્સે સામૂહિક રાજીનામુ આપી દીધું હતું.

મધ્ય પ્રદેશ જુનિયર ડૉક્ટર્સ અસોસિએશન (જૂડા)ના અધ્યક્ષ અરવિંદ મીણાના કહેવા પ્રમાણે પ્રદેશની ૬ મેડિકલ કોલેજના આશરે ૩,૦૦૦ જુનિયર ડૉક્ટર્સે ગુરૂવારે પોતપોતાની મેડિકલ કોલેજીસના ડીનને સામૂહિક રાજીનામુ આપી દીધું હતું. તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકારે ત્રીજા વર્ષના જુનિયર ડૉક્ટર્સના એનરોલમેન્ટ રદ્દ કરી દીધા છે માટે હવે તેઓ પરીક્ષામાં કેવી રીતે બેસશે.

પીજી કરી રહેલા જુનિયર ડૉક્ટર્સને ૩ વર્ષમાં ડિગ્રી મળે છે જ્યારે ૨ વર્ષમાં ડિપ્લોમા મળે છે. મીણાએ જણાવ્યું કે, મધ્ય પ્રદેશ હાઈકોર્ટના નિર્ણયને પડકારવા તેઓ ટૂંક સમયમાં જ સુપ્રીમ કોર્ટના બારણે ટકોરા મારશે. તેમણે મેડિકલ ઓફિસર્સ અસોસિએશન અને ફેડરેશન ઓફ રેસિડેન્ટ ડૉક્ટર્સ અસોસિએશન તેમના સાથે હોવાની માહિતી આપી હતી.

## પ્રોજેક્ટ ૭૫-ઈન્ડિયા અંતર્ગત ૬ સબમરીન નિર્માણ માટે મંજૂરી

### સંરક્ષણ મંત્રાલયનો મહત્વપૂર્ણ નિર્ણય : ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટ સ્વદેશી કંપની મઝગાંવ ડોક્સ લિમિટેડ અને એલ એન્ડ ટીને સોંપાયો

નવી દિલ્હી, તા. ૪

સંરક્ષણ મંત્રાલયે ભારતીય નૌસેનાની શક્તિમાં વધારો કરવા માટે શુક્રવારે એક મહત્વનો નિર્ણય લીધો છે. સંરક્ષણ મંત્રાલયે પ્રોજેક્ટ ૭૫-ઈન્ડિયા અંતર્ગત ૬ સબમરીનના નિર્માણ માટે મંજૂરી આપી દીધી છે. ઘણા લાંબા સમયથી આ પ્રોજેક્ટ અટકેલો હતો જેને હવે પૂરો કરવામાં આવશે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની આગેવાનીમાં યોજાયેલી બેઠકમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. સ્વદેશી કંપની મઝગાંવ ડૉક્સ લિમિટેડ અને એલ એન્ડ ટીને આ પ્રોજેક્ટ સોંપવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે બંને કંપનીઓ કોઈ એક વિદેશી શિપયાર્ડ સાથે મળીને સમગ્ર પ્રોજેક્ટની જાણકારી સોંપશે અને બિડ લગાવશે.

દરિયાઈ ક્ષેત્રોમાં પોતાનો પાવર વધારવા માટે ભારતીય નેવીએ આ પ્રોજેક્ટની શરૂઆત કરી છે. તેના અંતર્ગત ૬ વિશાળ સબમરીન બનાવવામાં આવશે જે ડીઝલ-ઈલેક્ટ્રિક બેઝ્ડ હશે. તેની સાઈઝ વર્તમાન સ્કોર્પિયન ક્લાસ સબમરીન કરતા ૫૦ ટકા મોટી હશે. ભારતીય નેવી દ્વારા સબમરીન માટે જે ડિમાન્ડ રાખવામાં આવી છે તેમાં તે હેવી ડ્યુટી ફાયરપાવરની સુવિધા ઈચ્છે છે. જેથી એન્ટી શિપ ક્રૂઝ મિસાઈલની સાથે સાથે ૧૨ લેન્ડ એટેક ક્રૂઝ મિસાઈલને પણ તૈનાત કરી શકાય.તે સિવાય નેવી સબમરીનમાં ૧૮ હેવીવેઈટ ટોરપીડો લઈ જવાની ક્ષમતા ઈચ્છે છે. ભારતીય નેવી પાસે આશરે ૧૪૦ સબમરીન અને સરફેસ વોરશિપ છે જ્યારે પાકિસ્તાન નેવી સાથે સરખામણી કરીએ તો તેમના પાસે માત્ર ૨૦ જ છે. પરંતુ ભારતનો મુકાબલો માત્ર પાકિસ્તાન નહીં પણ ચીન સામે પણ છે જે સતત હિંદ મહાસાગરમાં પોતાની સત્તા વધારવા પ્રયત્ન કરી રહ્યું છે. આ કારણે જ ભારતે અરબ સાગરથી લઈને શ્રીલંકા સાથે જોડાયેલા દરિયા પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

## વડાપ્રધાન મોદીને મારી નાખવાની ધમકી આપનારની ધરપકડ

ન્યુ દિલ્હી,તા.૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી આપનારા વ્યક્તિની દિલ્હી પોલીસે ધરપકડ કરી લીધી છે. કહેવાય છે કે ગત રાતે સલમાન નામના વ્યક્તિએ પોલીસને ફોન કરીને પીએમ મોદીને મારી નાખવાની ધમકી આપી હતી.

૨૨ વર્ષના આરોપીની દિલ્હીના ખજૂરી ખાસ પોલીસ મથકની પોલીસે ધરપકડ કરી લીધી છે. દિલ્હી પોલીસના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ આરોપીની પૂછપરછ કરી રહ્યા છે. પોલીસને જાણવા મળ્યું છે કે આ આરોપી વિરુદ્ધ અનેક કેસ થયેલા છે અને હાલ તે જામીન પર પર બહાર છે. આરોપીએ પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું કે જેલ જવા માટે ફોન કર્યો હતો.




